લોકોએ દોડી આવી યુવકને ઝડપી મેથી પાક ચખાડ્યો

# વડોદરાના રોયલ મેળામાં ધીંગાણું, યુવકો વચ્ચે છૂટા હાથની મારામારી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
વડોદરા શહેરના ચર્ચાસ્પદ રોયલ મેળામાં છૂટા હાથની મારામારીનો બનાવ બનતા ભારે અફરાતફરી મચી ગઈ હતી.

મેળામાં મહિલાઓ અને યુવકો વચ્ચે કોઈ કારણોસર બોલાચાલી થઈ હતી. જોતજોતામાં બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને મામલો બિચકતા અચાનક હાથાપાઈ શરૂ થઈ ગઈ. હાથાપાઈ બાદ યુવકો મારામારી પર ઉતરી આવ્યા હતા, જેના કારણે મેળામાં હાજર લોકોમાં નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, ધીંગાણા દરમિયાન કેટલાક યુવકોએ મહિલાઓ અને યુવતીઓને પણ બાનમાં લીધી હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે.

### જલપરી જોઈને ફરી એન્ટ્રી માંગતા વિવાદ સર્જાયો : સંચાલક

રોયલ મેળાના સંચાલક હિતેશભાઈએ જણાવ્યું હતું કે, સીસીટીવી ફૂટેજ અમે પોલીસ પ્રશાસનને સોંપ્યા છે. કેટલાક લોકો અમારા સિક્યુરિટી સ્ટાફને અને લેડીઝ સિક્યુરિટીને પણ મારી રહ્યા છે. સમગ્ર ઘટના અંગે સ્પષ્ટતા કરતા તેમણે જણાવ્યું કે, એ લોકો જલપરી શો જોઈને બહાર મેળામાં ફરવા જાય છે અને પછી ત્યાંથી ફરી પાછા રિટર્ન એન્ટ્રી લેવાનો આગ્રહ રાખે છે. હવે જે નવી પબ્લિક અંદર શો જોવા આવી હોય, તેમને અસુવિધા ન થાય તે માટે અમારા સિક્યુરિટી સ્ટાફે તેમને રિટર્ન એન્ટ્રી લેતા રોક્યા હતા.બસ, આટલી જ વાત હતી. હિતેશભાઈએ ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે, એ લોકોએ મેળો સળગાવી દેવાની અને મેળો બંધ કરાવી દેવાની ધમકી આપી. 25-30 જણાનું ટોળું ભેગું થઈ ગયું હતું.

### લેડીઝ બાઉન્સરોએ હાથ પકડી નીચે ફેંકી દીધી : ફરિયાદી

ફરિયાદ કરનાર મહિલા પરવીને જણાવ્યું કે, બાળકોને વેકેશન હોવાથી અમે અહીં વડોદરામાં લાલબાગ પાસે આવેલા રોયલ મેળામાં ફરવા ગયા હતા. અમે જલપરી' રાઈડમાં ગયા હતા. ત્યાં ભીડમાં અમારા બે નાના છોકરાઓ અટવાઈ ગયા હતા. જ્યારે અમે એ છોકરાઓને લેવા માટે ફરીથી અંદર જવાનો પ્રયત્ન કર્યો, ત્યારે બાઉન્સરોએ અમને રોકી હુમલો કર્યો હતો.

સંશોધન અને શિક્ષણની ગુણવત્તા વધશે

# MSUના શિક્ષણ વિભાગના 10 નોલેજ પાર્ટનર્સ સાથે એમઓયુ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના શિક્ષણ વિભાગે દેશભરની પ્રતિષ્ઠિત 10 સંસ્થાઓ સાથે નોલેજ પાર્ટનર તરીકે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ પર હસ્તાક્ષર કર્યા છે. એક્ઝિક્યુટિવ કાઉન્સિલ રૂમ, હેડ ઓફિસ, એમએસયુ ખાતે એક નિયત સમારોહમાં આ કરારો પર સહી કરવામાં આવી હતી. આ એમઓયુ પર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર પ્રો. કે. એમ. ચુડાસમા દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વાઈસ ચાન્સેલર પ્રો. ભાલચંદ્ર ભણગે ઉપસ્થિત રહ્યા હતા. કરારોનો મુખ્ય ઉદ્દેશ્ય ટકાઉ સંસ્થાકીય સહકાર અને શૈક્ષણિક આદાનપ્રદાન માટે મજબૂત માળખું સ્થાપિત કરવાનો છે. આ સહયોગથી એમએસયુ સેન્ટર ખાતે યુજીસી માલવીયા મિશન ટીચર ટ્રેનિંગ સેન્ટરના નેજા હેઠળ શૈક્ષણિક,તાલીમ અને સંશોધન-લક્ષી



કાર્યક્રમોની વિશાળ શ્રેણીનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમોનું નેતૃત્વ યુજીસી માલવીયા મિશન ટીચર ટ્રેનિંગ સેન્ટર એમએસયુના ડાયરેક્ટર પ્રો. આશુતોષ બિસ્વાલ કરશે. સૂચિત પ્રવૃત્તિઓમાં ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ, નેપ 2020 ને અનુરૂપ ઓરિએન્ટેશન અને સેન્સિટાઈઝેશન પહેલ, આંતરશાખાકીય સંશોધન જોડાણો અને શિક્ષણ તથા વહીવટી કર્મચારીઓ બંને માટે ક્ષમતા નિર્માણ કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

ગોરવા-ઈલોરા પાર્ક રોડ પર પૂજર કોમ્પ્લેક્સ પાસે વાહનચાલકોમાં અકસ્માતનો ભય

# ગરમીનો પારો આસમાને, ડામર પીગળ્યો,વાહનચાલકોને હાલાકી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
વડોદરા શહેરમાં દિવસેને દિવસે ગરમીનો પારો આસમાને પહોંચી રહ્યો છે, અને તેની સીધી અસર હવે શહેરના રોડ-રસ્તા પર જોવા મળી રહી છે. ગોરવા વિસ્તારમાં ઈલોરા પાર્કથી પૂજાર કોમ્પ્લેક્સ તરફ જતા મુખ્ય માર્ગ પર ડામર પીગળી જતા રોડની હાલત બગડી છે. જેના કારણે પાલિકાની કામગીરીની પોલ ખુલી ગઈ છે.



કાળઝાળ ગરમીના કારણે ભર ઉનાળે રોડ પર પાથરવામાં આવેલો ડામર પીગળવા લાગ્યો છે. ડામર પીગળતા ટુ-વ્હીલર ચાલકોના ટાયર ચોંટી જાય છે અને લપસી પડવાના બનાવો વધ્યા છે. ફોર-વ્હીલરના ટાયરના નિશાન રોડ પર ઉપસી આવ્યા છે. આવતા-જતા લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, રોડ-રસ્તાના નિર્માણ અને મરામત માટે વડોદરા મહાનગરપાલિકા દર વર્ષે કરોડો રૂપિયાની ફાળવણી કરે છે. છતાં પહેલો જ કાળઝાળ ઉનાળો રોડની ગુણવત્તા પર સવાલો ઉભા કરી રહ્યો છે. નાગરિકોમાં ચર્ચા છે કે, જો થોડી ગરમીમાં જ ડામર પીગળી જતો હોય તો ચોમાસામાં આ રોડની શું હાલત થશે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે, રોડ બનાવતી વખતે ગુણવત્તાયુક્ત મટીરિયલનો ઉપયોગ થયો નથી કે પછી યોગ્ય તકનીક અપનાવાઈ નથી. જેના કારણે ભર ઉનાળે જ રોડ ધોવાઈ જવાની સ્થિતિએ પહોંચ્યો છે. આ મામલે મહાનગરપાલિકાના અધિકારીઓનું ધ્યાન દોરવામાં આવ્યું છે. હવે જોવાનું એ રહેશે કે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે રોડની મરામત કરવામાં આવે છે કે લોકોને હજુ હાલાકી વેઠવી પડશે.

લગ્ન નહિ થવાના ભયે યુવકે જીવન ટૂંકાવ્યું

# માતાના નિધન બાદ આઘાતમાં પરિણીતાનો ફાંસો ખાઈ આપઘાત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
વડોદરા શહેરના સોમા તળાવ અને અકોટા વિસ્તારમાં જીવનનો અંત આણી દીધો હોવાની બે ઘટના બની હતી જેમાં એક 26 વર્ષીય યુવક અને 39 વર્ષીય પરણીતાએ જીવાદોરી ટૂંકાવી લેતા પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે એસએસજી હોસ્પિટલ ખાતે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરાના સોમાતળાવ પાસેની ઓમ રેસિડેન્સીમાં રહેતા 26 વર્ષીય હર્ષિવ ઉર્ફે ગોકુલ ઈશ્વરભાઈ સોલંકીએ પોતાના ઘરના બેડરૂમમાં પંખા સાથે સાડી બાંધીને ગળેફાંસો ખાઈ લીધો હતો.

કપુરાઈ પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, વ્યવસાયે ડ્રાઈવિંગ કરતા હર્ષિવની એક મહિના પહેલા સગાઈ થઈ હતી. સગાઈ બાદ યુવતી ઘરે રહેવા આવી હતી, પરંતુ અઠવાડિયા પછી તેના માતા-પિતા તેને પરત લઈ ગયા હતા. આ વાતને લઈને હર્ષિવને સતત ડર રહેતો હતો કે હવે તેના લગ્ન નહીં થાય. આ હતાશામાં તેણે જીવન ટૂંકાવ્યું હતું. બીજા બનાવમાં અકોટા દિનેશ મિલ પાછળ આવેલા સનસિલ્ક એપાર્ટમેન્ટમાં રહેતી 39 વર્ષીય હિરલ ધ્રુવ સોનીએ પણ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. ઘટના સમયે તેમના પતિ બીજા મકાનમાં સફાઈ માટે ગયા હતા અને બાળકો અલગ રૂમમાં હતા.

તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે 9 વર્ષ પહેલા હિરલબેનની માતાનું અવસાન થયું હતું, જેના આઘાતમાંથી તેઓ હજુ બહાર આવી શક્યા નહોતા અને સતત નિરાશામાં રહેતા હતા. બંને વિસ્તારની સ્થાનિક પોલીસે મૃતદેહોને પોસ્ટ મોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વડોદરા ડિવિઝનને ઉચ્ચ-મૂલ્યના બિન-બલ્ક કોમોડિટી ટ્રાફિકની ઍક્સેસ મળી છે

# ચાંપાનેર ગુડ્સ શેડ ખાતે પ્રથમ વખત પ્લાયવુડનું લોડિંગ શરૂ થયું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર રાજુ ભડકેના સક્ષમ માર્ગદર્શન હેઠળ, ઓપરેશન્સ વિભાગે માલ પરિવહનના ક્ષેત્રમાં એક નવો સીમાચિહ્ન હાંસલ કર્યો છે. બિઝનેસ ડેવલપમેન્ટ યુનિટ પહેલ હેઠળ, ચાંપાનેર સ્ટેશન પર માલ શેડ દ્વારા પ્લાયવુડનું પ્રથમ સફળ લોડિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ પહેલ વિભાગ દ્વારા બિન-પરંપરાગત અને ઉચ્ચ-મૂલ્યના માલ પરિવહનને પ્રોત્સાહન આપવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. પશ્ચિમ રેલવેના ઓપરેશન્સ વિભાગના સતત દેખરેખ હેઠળ, ચાંપાનેર ગુડ્સ શેડને 1 મે, 2026 ના રોજ બાહ્ય પ્લાયવુડ ટ્રાફિક માટે સૂચિત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, 6 મે, 2026 ના રોજ બે બોગી કવર્ડ ન્યુમેટિક બ્રેક વેગન વેગન માટે ઈન્ડેન્ટ પ્રાપ્ત થયું હતું અને 7 મે, 2026 ના રોજ પ્લાયવુડ સફળતાપૂર્વક લોડ કરવામાં આવ્યું હતું. વડોદરા ડિવિઝન તરફથી આ પ્રથમ પ્લાયવુડ શિપમેન્ટ છે, જે ડિવિઝનના માલવાહક વ્યવસાયમાં આ નવી ચીજવસ્તુ માટે નવી તકો ખોલે છે. આ માલવાહક ટ્રેન ચાંપાનેરથી દક્ષિણ પશ્ચિમ રેલવેના વ્હાઈટફિલ્ડ સેટેલાઈટ



ગુડ્સ ટર્મિનલ સુધી આશરે 1528 કિલોમીટરનું અંતર કાપશે. આ પરિવહનથી રેલવેએ આશરે 2.3 લાખની માલવાહક આવક મેળવી છે. આ નવી પહેલથી વડોદરા ડિવિઝનને ઉચ્ચ-મૂલ્યના બિન-બલ્ક કોમોડિટી ટ્રાફિકની ઍક્સેસ મળી છે અને લાંબા અંતરના માલવાહક પરિવહન દ્વારા આવક વધારવામાં પણ નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થઈ છે. આ વિભાગ ગ્રાહક-કેન્દ્રિત સુવિધાઓ અને આધુનિક માલવાહક સેવાઓ દ્વારા નવા વ્યવસાયને આકર્ષવા માટે સતત પ્રયત્નશીલ છે.

## ગરમીનો પારો સતત બીજા દિવસે 43.6 ડિગ્રી રહેતા લોકો ત્રાહિમામ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
વડોદરા શહેરમાં કાળઝાળ ગરમીનો દોર યથાવત રહ્યો છે. રવિવારે શહેરનું મહત્તમ તાપમાન 43.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સતત બીજા દિવસે પારો 43 ડિગ્રીને પાર રહેતા જનજીવન પર તેની અસર વર્તાઈ હતી. હવામાન વિભાગના આંકડા મુજબ, શહેરનું લઘુત્તમ તાપમાન 28 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. દિવસ દરમિયાન ગરમ લૂ અને સૂકા પવન ફૂંકાતા બપોરના સમયે લોકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. ભેજનું પ્રમાણ સવારે 35% નોંધાયું હતું, જ્યારે સાંજે ઘટીને માત્ર 21% થઈ જતા વાતાવરણ વધુ આકરું બન્યું હતું.હવામાન ખાતાની આગાહી મુજબ, આગામી 48 કલાક સુધી ગરમીનું મોજુ યથાવત રહેશે. તાપમાન 43 થી 44 ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. નિષ્ણાંતોના મતે રાજ્યમાં ગરમીનું પ્રમાણ હજુ વધશે અને આગામી 15 મી મે સુધી આકરી ગરમીનો અનુભવ થશે.

દહેજ માટે તરસાલીની પરિણીતાને શારીરિક માનસિક ત્રાસ

# 50 લાખ નહીં લાવે તો તારા પતિના અન્ય જગ્યા પર લગ્ન કરાવશુ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
વડોદરાના તરસાલી વિસ્તારમાં રહેતા નિવૃત્ત વ્યક્તિએ પોતાની પરિણીત દિકરીને દહેજ માટે શારીરિક તેમજ માનસિક ત્રાસ આપવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે સાસરિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

તરસાલીમાં રહેતા રાજેન્દ્રસિંગ સિસોદિયાના જણાવ્યા અનુસાર તેમની દિકરી અંશુના લગ્ન વર્ષ 2019 દરમિયાન રાજેશ પિતાંબર ભુરે સાથે હિંદુ રીતરિવાજ મુજબ થયા હતા. લગ્ન આંતરજાતીય હોવાને કારણે શરૂઆતથી જ સાસરીયા પક્ષ દ્વારા દહેજ મુદ્દે મહેણાં-ટોણાં મારવામાં આવતા હતા. "પોતાની જાતિમાં લગ્ન કર્યા હોત તો વધુ દહેજ અને સોનું મળ્યું હોત" કહી વારંવાર અપમાનિત કરવામાં આવતી હતી. સાથે જ ઓછામાં ઓછી સોનાની ચેઈન આપવી જોઈએ હતી તેમ કહી માનસિક ત્રાસ અપાતો હોવાનો આક્ષેપ છે. સાસરીયા પક્ષ દ્વારા નાગપુર પરત આવવા માટે રૂ.50 લાખ લાવવાની માંગણી કરવામાં આવી હતી. માંગણી પૂર્ણ નહીં થાય તો પતિના બીજા લગ્ન કરાવી દેવાની ધમકી પણ આપવામાં આવતી હતી. ગર્ભાવસ્થા દરમિયાન યોગ્ય સારવાર અને દવા ન આપવાનો તેમજ વારંવાર બોલાચાલી, ગાળો અને માનસિક હેરાનગતિ કરવાનો પણ આરોપ કર્યો છે. પરિણીતાએ બાળકી ને જન્મ આપ્યા બાદ તેના નામને લઈને પણ વિવાદ ઉભો થયો હતો. "ત્રિશિકા ભુરે સિસોદિયા" નામ બદલવા માટે દબાણ કરવામાં આવ્યું હોવાનું તેમજ પતિ દ્વારા ગંભીર પરિણામો ભોગવવાની ધમકી અપાઈનો ઉલ્લેખ કર્યો છે.

પતિ રાજેશ પિતાંબર ભુરે તા.25 નવેમ્બરના રોજ અમેરિકા પરથી ભારત પરત આવ્યો હતો. વડોદરા પોલીસે પતિ રાજેશ પિતાંબર ભુરે, સસરા પિતાંબર શામજી ભુરે અને સાસુ મંદા પિતાંબર ભુરે સામે કાર્યવાહી શરૂ કરી છે.

લોકોએ દોડી આવી યુવકને ઝડપી મેથી પાક ચખાડ્યો

# ગોત્રી ગાર્ડનમાં યુવતીને માર્યા બાદ લગ્ન કરવા વિધર્મીએ ધમકી આપી

હિંદુ સંગઠનો પણ પોલીસ સ્ટેશન દોડી આવ્યા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા ગાર્ડનમાં યુવતી સાથે વિધર્મી દ્વારા છેડતી અને મારામારી કરવામા આવતા ચકચાર મચી ગઈ છે. આ વિધર્મી યુવકે યુવતીને ગાર્ડનમાં મળવા બોલાવી તેના પર લગ્ન માટે દબાણ કર્યું હોવાના આક્ષેપ થયા છે. યુવતીએ ઈનકાર કરતા મામલો ઉગ્ર બન્યો હતો અને તેણીને જાહેરમા માર માર્યો હતો. સમગ્ર મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો છે. સૂત્રોના જણાવ્યા મુજબ યુવક અને યુવતી વચ્ચે કોઈ ઓળખાણ હોવાની ચર્ચા છે, જોકે બંને વચ્ચેનો ચોક્કસ સંબંધ શું હતો તે અંગે પોલીસ તપાસ ચલાવી રહી છે. નિધર્મી યુવક પઠાણ



સહીમ સમીમ ખાન નામના યુવકે પટાવીને યુવતીને ગોત્રી વિસ્તારમાં આવેલા ગાર્ડનમાં મળવા માટે બોલાવી હતી. ત્યારબાદ આવી ગરમી એ યુવતીને તેની સાથે લગ્ન કરવા માટે દબાણ કરવા લાગ્યો હતો અને જો તું લગ્ન નહીં કરે તો તને તારા ભાઈ અને માતાને પણ જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતો હતો. યુવતીએ લગ્ન માટે નો ઈનકાર કરતા ઉશ્કેરાયેલા આ વિધર્મી એ યુવતી સાથે ઝઘડો કર્યો હતો યુવતી પર ગાર્ડનમાં જ માર મારી તેના પર હુમલો કર્યો હોવાનું કહેવાય છે. યુવતીએ બૂમાબૂમ કરતા ગાર્ડનમાં હાજર લોકો દોડી આવ્યા હતા અને યુવકને ઝડપી લીધો હતો. આ દરમિયાન ગુસ્સે ભરાયેલા લોક ટોળાએ યુવકને મેથીપાક ચખાડતા તે ઈજાગ્રસ્ત બન્યો હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતા પોલીસ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. બનાવ બાદ હિંદુ જાગરણ મંચ અને બજરંગ દળના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ગોત્રી પોલીસ સ્ટેશન ખાતે એકત્રિત થયા હતા. કાર્યકર્તાઓએ શહેરમાં આવી ઘટનાઓ રોકવા માટે કડક કાર્યવાહી કરવાની તેમજ જાહેર બગીચાઓમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત કરવાની માંગ ઉઠાવી હતી.

શિક્ષણ વિભાગે સત્તાવાર પત્ર કર્યો જાહેર

# આચાર્યોને શિક્ષકોની જેમ સત્રાંત નિવૃત્તિનો લાભ મળશે

નિવૃત્તિ તારીખ બાદ પણ સત્ર પૂરું થાય ત્યાં સુધી ફરજ બજાવી શકશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
રાજ્યના પ્રાથમિક શાળાના આચાર્યો માટે શિક્ષણ વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે. હવેથી આચાર્યોને પણ શિક્ષકોની જેમ સત્રાંત નિવૃત્તિનો લાભ મળશે. આ અંગે શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર રીતે પત્ર જાહેર કરવામાં આવ્યો છે.

અત્યાર સુધી પ્રાથમિક શાળાના શિક્ષકોને જો સત્ર દરમિયાન નિવૃત્તિની વય થાય તો તેઓ સત્ર પૂરું થાય ત્યાં સુધી ફરજ બજાવી શકતા હતા. પરંતુ આચાર્યોને આ લાભ મળતો ન હતો. તેઓ નિવૃત્તિની તારીખે જ છૂટા થઈ જતા હતા. હવે નવા નિર્ણય મુજબ, શિક્ષકોની જેમ આચાર્યો પણ હવે સત્રાંતે નિવૃત્ત થશે. જો કોઈ આચાર્યની નિવૃત્તિની તારીખ સત્ર ચાલુ હોય ત્યારે આવતી હશે, તો નિવૃત્તિ તારીખ બાદ પણ સત્ર પૂરું થાય ત્યાં સુધી તેઓ નોકરી ચાલુ રાખી શકશે.

શિક્ષણ વિભાગના આ નિર્ણયથી શાળાઓના વહીવટ અને શૈક્ષણિક કાર્યમાં સાતત્ય જળવાશે. સત્રની વચ્ચે આચાર્ય નિવૃત્ત થવાથી શાળાના સંચાલનમાં પડતી મુશ્કેલીઓ હવે દૂર થશે.

વિદ્યાર્થી ઓના અભ્યાસ પર પણ તેની સકારાત્મક અસર પડશે. આચાર્ય મહામંડળ દ્વારા લાંબા સમયથી આ માંગ કરવામાં આવી રહી હતી. શિક્ષણ વિભાગના આ નિર્ણયને રાજ્યભરના હજારો પ્રાથમિક આચાર્યોએ આવકાર્યો છે અને સરકારનો આભાર માન્યો છે.

જળબંબાકારની સ્થિતિ વચ્ચે લાખો લિટર પાણીનો વ્યય

# ગોત્રી ટાંકી પાસે મુખ્ય લાઈનમાં ભંગાણ, લાખો લિટર પાણીનો વ્યય

વાહન ચાલકો અટવાયા અને સ્થાનિકોમાં પાલિકાની કામગીરી સામે અનેક સવાલો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગોત્રી પાણીની ટાંકી પાસે મુખ્ય પાણીની પાઈપલાઈનમાં મોટું ભંગાણ સર્જાતા રસ્તાઓ પર નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. આ ભંગાણને કારણે ભરઉનાળે હજારો લિટર પીવાના પાણીનો વેડફાટ થયો છે, જેના કારણે સ્થાનિક રહીશોમાં પાલિકા તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, ગોત્રી વિસ્તારમાં પાણીની ટાંકીની નજીક પસાર થતી મુખ્ય લાઈનમાં અચાનક ભંગાણ પડ્યું હતું. પાઈપલાઈન



ફાટતાની સાથે જ પાણી ખૂબ જ પ્રેશરથી બહાર આવવા લાગ્યું હતું અને જોતજોતામાં આજુબાજુના માર્ગો જળબંબાકાર થઈ ગયા હતા. રસ્તા પર પાણી ફરી વળતા વાહનચાલકોને પણ પસાર થવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. એકતરફ વડોદરાના અનેક વિસ્તારોમાં રહીશો પૂરતા પ્રેશરથી પાણી મળતું ન હોવાની અને પીવાના પાણીની અછતની ફરિયાદો કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ પાલિકાની બેદરકારીને કારણે આ રીતે હજારો લિટર પાણી રસ્તા પર વહી રહ્યું છે. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, પાણીનો આ વેડફાટ લાંબા સમય સુધી ચાલુ રહ્યો હતો, પરંતુ તંત્ર દ્વારા તાત્કાલિક કોઈ પગલાં લેવામાં આવ્યા નહોતા. ભરઉનાળે જ્યારે પાણીનું મૂલ્ય સૌથી વધુ હોય છે, ત્યારે આ પ્રકારની ઘટના તંત્રની પ્રી-મોન્સૂન કામગીરી અને જાળવણી પર સવાલો ઉભા કરે છે.

## ઝવેરીપુરા ગામ નજીક તળાવમાં ડૂબેલા યુવકનો મૃતદેહ મળ્યો

સાવલી : ગતરોજ ઝવેરીપુરા ગામના તળાવમાં મચ્છી મારવા ગયેલ ઈસમ તળાવમાં ડૂબી ગયાની ખબર વાયુવેગે સમગ્ર પંથકમાં પ્રસરી ગઈ હતી બનાવના પગલે સાવલી પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તળાવના કિનારે બુટ પાણી ની બોટલ અને બેગ ને જોતા યુવક તળાવમાં જ ડૂબી ગયો હોવાનું નક્કી થયું હતું અને શોધખોળ આદરી હતી પરંતુ યુવકનો ક્યાંય પતો જડ્યો ન હતો તેવામાં આજરોજ સવારમાં શોધખોળ કરતા મૃતકનો મૃતદેહ મળી આવ્યો હતો જે ગોપાલભાઈ ભૂપતભાઈ રાઠોડ (ઉં. આશરે 38 વર્ષ) રહે ભાટિયા મેદાન સાવલી હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું અને તળાવ પાસે માછલી પકડવા માટે ગયા હતા. આ દરમિયાન અચાનક તેમનો પગ લપસી જતા તેઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આજરોજ મૃતદેહ મળી આવતા સાવલી પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

જળબંબાકારની સ્થિતિ વચ્ચે લાખો લિટર પાણીનો વ્યય

# આજવા રોડ પર ઝાડી-ઝાંખરામાં ફટાકડા ફૂટવાથી આગની આશંકા

નિમેટા ગાર્ડન પાસે રિસોર્ટ સામે અફરાતફરી,43 ડિગ્રી ગરમીમાં આગથી દોડધામ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
વડોદરા શહેરમાં ગરમીનો પારો 43 ડિગ્રીને પાર થતા જ આગ લાગવાના બનાવોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. તેવામાં મધરાત્રીએ આજવા રોડ પર વધુ એક આગની ઘટનાથી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

નિમેટા ગાર્ડન નજીક આવેલ એક રિસોર્ટની સામે ખુલ્લી જગ્યામાં ઝાડી-ઝાંખરામાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આસપાસના વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. બનાવની જાણ થતા જ ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક સ્થળ



પર દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લીધો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. મળતી માહિતી અનુસાર, ગત રાત્રીએ આ રિસોર્ટમાં એક પ્રસંગ ચાલી રહ્યો હતો. પ્રાથમિક અનુમાન મુજબ ફટાકડા ફોડવાથી અથવા અન્ય કોઈ કારણોસર સૂકા ઘાસ અને ઝાંખરામાં આગ લાગી હોવાની શક્યતા છે. શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી કાળઝાળ ગરમી પડી રહી છે અને તાપમાન 43 ડિગ્રીને પાર પહોંચ્યું છે. સૂકા ઘાસ, કચરો અને ઝાડી-ઝાંખરામાં નાની અમથી ચિનગારી પણ મોટી આગનું સ્વરૂપ ધારણ કરી લે છે. તંત્ર દ્વારા નાગરિકોને ખુલ્લી જગ્યાએ કચરો ન સળગાવવા અને ફટાકડા અંગે તકેદારી રાખવા અપીલ કરવામાં આવી છે. ફાયર વિભાગ દ્વારા આગ લાગવાના ચોક્કસ કારણ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## વડોદરા ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોના સમયમાં ફેરફાર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11
પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા અને સમયસરતા સુધારવા માટે વડોદરા ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોના સમયમાં ફેરફાર કર્યો છે. ટ્રેન નં. 20908 ભુજ - દાદર સયાજી નગરી સુપરફાસ્ટ, જે 15 મે ના રોજ ભુજથી ઉપડશે, તેને કેટલાક સ્ટેશનો માટે ફરીથી શેડ્યૂલ કરવામાં આવી છે. ટ્રેન પાલેજ સ્ટેશન પર 8:09/08:11 વાગ્યે પહોંચશે/ઉપડશે. તે ભરૂચ સ્ટેશન પર 8:52/8:54 વાગ્યે પહોંચશે/ઉપડશે. તે અંકલેશ્વર સ્ટેશન પર 9:02/9:04 વાગ્યે પહોંચશે/ઉપડશે. ટ્રેન નં. 12996 અજમેર - બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ જે 16 મેના રોજ અજમેરથી ઉપડશે, ભરૂચ સ્ટેશન પર આ ટ્રેનના આગમન/પ્રસ્થાનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે, હવે આ ટ્રેન ભરૂચ સ્ટેશન પર 9:00/09:02 વાગ્યે પહોંચશે/પ્રસ્થાન કરશે. ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે.

વૃદ્ધ સાયકલ સવાર ગંભીર રીતે ઇજાગ્રસ્ત

# મકરપુરા એરફોર્સ સ્ટેશન પાસે કાર અને સાયકલ વચ્ચે અકસ્માત

રોંગ સાઈડથી આવતી સાયકલ કાર સાથે અથડાઈ

વડોદરાઃ શહેરના મકરપુરા એરફોર્સ સ્ટેશન રોડ પર આજે એક કાર અને સાયકલ વચ્ચે અકસ્માત સર્જાવાની ઘટના બની હતી. આ અકસ્માતમાં સાયકલ સવાર ઉંમરલાયક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હાલમાં તબીબો દ્વારા તેમની સ્થિતિ નાજુક હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. અકસ્માત બાદ કાર ચાલક ઘટનાસ્થળે જ હાજર રહ્યો હતો અને તેણે પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. મળતી વિગત અનુસાર, મકરપુરા એરફોર્સ સ્ટેશન નજીકથી એક વૃદ્ધ સાયકલ લઈને પસાર થઈ રહ્યા હતા ત્યારે કાર સાથે તેમની ટક્કર થઈ



હતી. જોકે, અકસ્માત બાદ અન્ય કિસ્સાઓની જેમ કાર ચાલક ભાગવાને બદલે ઘટનાસ્થળે જ ઊભો રહ્યો હતો. પ્રાથમિક તપાસમાં અને કાર ચાલકના જણાવ્યા અનુસાર, સાયકલ સવાર વૃદ્ધ રોંગ સાઈડ થી આવી રહ્યા હતા, જેને કારણે આ અકસ્માત સર્જાયો હતો. ઘટના અંગે વિગત આપતા કાર ચાલકે જણાવ્યું હતું કે, "મારી કાર સરેરાશ ગતિમાં જ હતી, હું ફૂલ સ્પીડમાં ગાડી ચલાવી રહ્યો નહોતો. સાયકલ સવાર અચાનક રોંગ સાઈડથી સામે આવી જતાં આ ટક્કર થઈ હતી. જો મારી ગાડીની ગતિ વધારે હોત તો સાયકલ સવારને આનાથી પણ વધુ ગંભીર ઈજાઓ પહોંચી હોત અથવા મોટી હોનારત સર્જાઈ હોત. આ ઘટનામાં મારો કોઈ જ વાંક નથી."

આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં અકસ્માતની તીવ્રતા અને વાહનોની દિશા સ્પષ્ટ દેખાઈ રહી છે.

મકરપુરા પોલીસે સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે અને કાર ચાલકના નિવેદન તેમજ પ્રત્યક્ષદર્શીઓની પૂછપરછના આધારે વધુ તપાસ હાથ ધરી છે. ટ્રાફિકના નિયમોના ઉલ્લંઘનને કારણે સર્જાયેલા આ અકસ્માતે ફરી એકવાર માર્ગ સલામતી અને રોંગ સાઈડ ડ્રાઈવિંગના જોખમો પર સવાલો ઊભા કર્યા છે.